ક્રમાંક : જીસીવીટી/પરીક્ષા/પ.ની ટી-૯/૨૦૧૭/૬૭૩૯
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
બ્લોક નં. -૧, બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર
તારીખ :૧૭/૦૪/૨૦૧૭

વિષય: સંસ્થા ખાતે રહેલ પરીક્ષાલક્ષી પસ્તીના નિકાલ બાબત.

<u>પરિપત્ર</u>:

ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગની કચેરીનાં માધ્યમથી વિવિધ તાલીમ યોજનાઓ જેવી કે સી.ટી.એસ.(અખિલ ભારતીય વ્યવસાય કસોટી), એપ્રેન્ટીસ તાલીમ યોજના,મૂળ રાજ્ય કક્ષા (એસ.સી.વી.ટી.), સી.ટી.એસ. નોન એફિલની પરીક્ષાના પરીક્ષણની કામગીરી માન્ય કરેલ આઈ.ટી.આઈ.નાં કેન્દ્ર ખાતે કરાવવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન આ પ્રકારે કરાવેલ પરીક્ષણની કામગીરી સંદર્ભે ઉત્તરવહીઓ જે તે પરીક્ષણ કેન્દ્ર ખાતે સલામત રાખવા કાઉન્સીલ તરફથી સૂચનાઓ આપવામાં આવેલ હતી. કેટલાક પરીક્ષણ કેન્દ્રના વડાઓ તરફથી જી.સી.વી.ટી.ને કરેલ રજૂઆત મુજબ તેમની સંસ્થા ખાતે આવી વધુ ઉત્તરવહીઓ રાખવા માટેની કાયમી વ્યવસ્થા થઇ શકે તેમ નથી જેથી પરીક્ષા સબંધિત આવી ઉત્તરવહીના નિકાલ માટે જરૂરી વ્યવસ્થા કરવા વિનંતી કરેલ છે.

પુખ્ત વિચારણાને અંતે કાઉન્સીલ દ્વારા રાજ્યની જે આઈ.ટી.આઈ.ખાતે આવી પરીક્ષા સબંધિત ઉત્તરવહીઓ પડેલ છે તે પૈકી જેનું પરિણામ જાહેર થયેલ છે અને ૧૨૦ દિવસનો સમય પસાર થયેલ તેવી પરીક્ષાની પસ્તી સંસ્થાને લાગુ પડાતા જીલ્લા કલેકટર દ્વારા સરકારી કચેરીઓની પસ્તી ઉપાડવા માટેનો ઈજારો જે કોન્ટ્રાક્ટરને આપેલ હોય તે ઇજારદાર મારફત ઉત્તરવહીઓનો નિકાલ કરવા આથી મંજુરી આપવામાં આવે છે. આ કામગીરી આતે નીચે જણાવ્યા મુજબની બાબતો ખાસ ધ્યાને રાખવાની રહેશે.

૧. આપના જીલ્લા કલેકટરશ્રી દ્વારા પ્રવર્તમાન સમય માટે જે ઇજારદાર નક્કી કરેલ હોય તે ઇજારદારને પરીક્ષાલક્ષી પસ્તી નિયત કરેલ ભાવે આપવાની રહેશે.
૨. આ કામગીરી માટે આપે સંલગ્ન કલેકટર કચેરી દ્વારા ઇજારદારની નિયુક્તી માટે કરેલ હુકમની નકલ મેળવી લઇ તેમાં જણાવેલ શરતો અને બોલીઓનો ચુસ્તપણે અમલ કરી પસ્તીનો નિકાલ કરવાનો રહેશે.
૩. પસ્તી નિકાલની કામગીરી માટે સંસ્થા કક્ષાએ આચાર્ય/ફોરમેન/સિ.સુપ.ઇન્સ્ટ્રક્ટર ત્રણ કર્મચારીઓની કમિટિ બનાવી પસ્તી નિકાલ કરવાનો રહેશે. થયેલ આવક કાઉન્સીલના ખાતામાં જમા કરાવવાની રહેશે અને કરેલ કાર્યવાહીની વિગતો સાથેની માહિતી કાઉન્સીલની કચેરીને મોકલી આપવાની રહેશે.
૪. પસ્તી વેચાણ અંગે થયેલ આવકની રકમ સ્વીકારી સંસ્થા પાસેથી કાઉન્સીલના નાણાંકીય વ્યવહાર માટે ઉપયોગમાં લેવાતી જી.સી.વી.ટી.ની રીસીપ્ટ ઇજારદારને આપવાની રહેશે.

**(સંલગ્ન ફાઈલ પર માનનીય નિયામકશ્રીના આદેશ છે.)**

(જી.પી.પરમાર)
નાયબ નિયામક(તાલીમ)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ
ગાંધીનગર

પ્રતિ,તમામ સરકારી આઈ.ટી.આઈ.ના વડાઓ તરફ.....આપની સંસ્થા ખાતે ઉપલબ્ધ પરીક્ષાલક્ષી પસ્તીના નિકાલની કાર્યવાહી માટે